# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 04-03-2025 Day : Tuesday Evening : 6.25 to 6.30pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી – ઘોરડો સંરક્ષણ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય વન્યજીવન બોર્ડની સાતમી બેઠકમાં ઘોરાડના સંવર્ધનની સૂચના આપી હતી. ગઈકાલે સાસણમાં યોજાયેલી બેઠકમાં પ્રધાનમંત્રીએ ઘોરાડ સંરક્ષણના પ્રયાસોને વધારવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય ઘોરાડ સંરક્ષણ કાર્ય યોજનાની જાહેરાત કરી હતી. તેમણે વન્યજીવ સંરક્ષણ વ્યૂહરચના અને મંત્રાલય માટે ભવિષ્યની કામગીરીની રૂપરેખા તૈયાર કરી હતી. તેમણે રીંછ, ઘરિયાલ અને ઘોરાડના સંરક્ષણ અને વિકાસ પર કામ કરવા વિવિધ કાર્યદળની રચના કરવા પણ જણાવ્યું હતું.

દરમ્યાન, ચિત્તાનાં સંરક્ષણ માટે અગાઉ થયેલી જાહેરાત મુજબ તેમણે મધ્યપ્રદેશના ગાંધીસાગર અભયારણ્ય ખાતેથી ચિત્તાને કચ્છના બન્નીમાં લાવવામાં આવશે તેનો પણ ઉલ્લેખ કર્યો હતો.

---------------------------------------------------------------------------------------

## ભુજમાં માર્ગ સુધારણા

ભારે વરસાદને કારણે જીલ્લા મથક ભુજમાં જે રસ્તાઓનું ધોવાણ થયું છે, તેના રિસર્ફેસિંગ માટે સરકાર દ્વારા ફાળવવામાં આવેલા 672 લાખ રૂ.ના કામોનું ખાતમુહૂર્ત સાંસદ વિનોદ ચાવડા તેમજ ભુજના ધારાસભ્ય કેશુભાઇ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રી ચાવડાએ જણાવ્યું કે, ભુજ શહેરનો વ્યાપ વધ્યો છે. ત્યારે આગામી સમયમાં હજુ બીજા જરૂરી વિકાસકામો માટે રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકારમાંથી જરૂરી ગ્રાન્ટ મેળવી વિકાસની ખૂટતી કડીઓ પૂરી કરાશે તેવી ખાતરી આપી હતી.

ઉલ્લેખનીય છે કે, ભુજમાં માર્ગ સુધારણાના પ્રથમ તબક્કામાં અંદાજિત 14 કિ.મી.ના રિંગરોડની રિસર્ફેસિંગની કામગીરી માટે માર્ગ અને મકાન વિભાગને 30 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

---

## નર્મદાની કચ્છ બ્રાન્ચ કેનાલ

કચ્છ બ્રાન્ચ કેનાલમાં સમારકામ અને સફાઈ કરવાના ઉદ્દેશથી આગામી પહેલી એપ્રિલથી બે મહિના પાણી બંધ કરવાનો નિર્ણય નર્મદા નિગમ દ્વારા કરવામાં આવ્યો છે. નર્મદાનાં પાણીથી લેવાતાં ઉનાળુ પાકનું વાવેતર ન કરવા નર્મદા નિગમ દ્વારા સૂચના આપવામાં આવી છે. નિગમ દ્વારા રાપર નગરપાલિકાને પણ પત્ર દ્વારા આ અંગે સૂચના મળી હોવાનું જાણવા મળ્યું છે. ગત ચોમાસામાં પૂરતો વરસાદ પડતાં નર્મદા ડેમમાં હાલ પર્યાપ્ત માત્રામાં પાણી છે. અને રિઝર્વ જથ્થો પણ ઉપલબ્ધ છે. ત્યારે 15 માર્ચથી બનાસકાંઠાની થરાદ, વાવ, ભાભર કેનાલમાં અને પહેલી એપ્રિલથી કચ્છ બ્રાંચ કેનાલમાં પાણી વિતરણ બંધ કરવાની નર્મદા નિગમે જાહેરાત કરી છે

ઉલ્લેખનીય છે કે, રાપર તાલુકાના 97 ગામ અને રાપર શહેર માત્ર નર્મદા યોજના આધારિત પાણી યોજના ધરાવે છે. ઉનાળામાં નર્મદા કેનાલ બે મહિના બંધ રહેશે. ત્યારે કચ્છના વિવિધ વિસ્તારોમાં પાણીની સમસ્યા વિકટ ન બને તે માટે તંત્ર દ્વારા આગોતરૂં આયોજન કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

---

## ભચાઉ – રાપર નગરપાલિકા

તાજેતરમાં યોજાયેલી રાજ્યની સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચૂંટણી બાદ ભારતીય જનતા પાર્ટીએ હવે મહત્વનાં હોદ્દેદારોની વરણી માટે ચક્રો ગતિમાન કર્યા છે. આજે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં પ્રદેશની સંસદીય સમિતિની બેઠક યોજાઈ હતી.

ભચાઉ અને રાપર નગરપાલિકાઓની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના વિજય થયા બાદ વિજેતા ઉમેદવારોમાંથી નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખ સહિત ટીમની વરણી માટે તજવીત હાથ ધરાઈ છે. આવતીકાલે 5 મી માર્ચે યોજાનારી બેઠકમાં પ્રમુખ અને ઉપપ્રમુખની વિધિવત વરણી કરવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.

-----------------------------------------------------------------------------------------

## ગ્રામ પંચાયત ચૂંટણી

નગરપાલિકા અને તાલુકા પંચાયતની સામાન્ય અને પેટા ચૂંટણી સંપન્ન થયા બાદ હવે ગ્રામ પંચાયતની ચૂંટણી યોજવા માટેની કવાયત વેગવાન બની છે.

કચ્છમાં 166 ગ્રામ પંચાયતની ચૂંટણી સંભવત એપ્રિલ-મે માસમાં યોજવામાં આવે તે પ્રકારનું આયોજન ઘડવામાં આવી રહ્યું છે. આગામી દિવસોમાં ચૂંટણી માટેની સત્તાવાર જાહેરાત થાય તે બાદ સમગ્ર પ્રક્રિયા વધુ વેગ પકડશે. સ્થાનિક તંત્ર દ્વારા મતદારયાદી અપડેટ કરવા સહિતની કામગીરીને આખરી ઓપ આપવાનું શરૂ  કરવામાં આવ્યું છે.

ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ગ્રામ પંચાયતની ચૂંટણી યોજવામાં ન આવતાં ગ્રામ પંચાયતનો વહીવટ વહીવટદારના હવાલે આવતાં વિકાસકામોની મંજૂરીમાં વિલંબ સહિતની સમસ્યાઓની રાવ ઉઠી છે. જેથી હવે ચૂંટણી યોજવાનો તખ્તો ઘડાતા સૂચારુ વહીવટનો આશાવાદ જાગ્યો છે.

-----------------------------------------------------------------------------------------

## બીએસએફ સિવિક એકશન

ભુજના સરહદી વિસ્તાર ખાવડા નજીકના કુરન ગામમાં BSFની 85મી બટાલિયને સિવિક એક્શન કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત કુરન ગામની પ્રાથમિક શાળાને 1 લાખ 60 હજાર રૂપિયાની કિંમતના ફર્નિચર, રમત ગમતના સાધનો, સ્ટેશનરી અને પુસ્તકો સહિત શૈક્ષણિક સાધનો અપાયા હતા. BSF દ્વારા યોજાયેલી આરોગ્ય શિબિરમાં દર્દીઓની તપાસ કરી મફત દવાઓનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભુજ BSF સેક્ટરના DIG અનંતસિંઘ, કમાન્ડન્ટ મનીષ રંજન ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

BSF દ્વારા આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સરહદી વિસ્તારના લોકો સાથે મજબૂત સંબંધો વિકસાવવાનો અને તેમની સામાજિક સ્થિતિમાં સુધારો લાવવાનો છે.

---

## સરકારી આયુર્વેદ હોસ્પિટલ

સરકારી આયુર્વેદ હોસ્પિટલ ભુજ ખાતે આવતીકાલે નિ:શુલ્ક ડાયાબીટીસ નિદાન-સારવાર-સલાહ કેમ્પ, વરિષ્ઠ નાગરિકોની સંભાળનો કેમ્પ સહિતના કેમ્પ યોજાશે. જેમાં એકસ-રે તપાસ, દસ દિવસથી વધુ ખાસી તથા દમના દર્દીઓની તપાસ પણ કરી આપવામાં આવશે.

વિવિધ બીમારીઓના દર્દીઓ માટે આયુર્વેદિક/હોમિયોપેથીક ઔષધીય સારવાર તથા રોજિંદી જીવનશૈલી તેમજ આહાર-વિહાર અંગેનું માર્ગદર્શન આ કેમ્પમાં આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, સરકારી આયુર્વેદ હોસ્પિટલ દ્વારા દર મહિનાના પહેલા બુધવારે આ કેમ્પનું આયોજન કરવામાં આવે છે.

---